પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૭૮ | ૧૯ ડિસેમ્બર, ૨૦૧૮, બુધવાર; માગશર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**વ્યાપમ કેસમાં સજા**

ઈન્દોરમાં સીબીઆઈ કોર્ટે વ્યાપમ કેસમાં એક આરોપીને પાંચ વર્ષની સજા ફટકારી છે. ઈન્દોરના વિશેષ જજ જે.પી. સિંહે મનોજ જાદવને આ સજા સંભળાવી છે.

**રાહુલ ગાંધી હિમાચલપ્રદેશની મુલાકાતે**

છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં સરકાર બનાવ્યા બાદ રાહુલ ગાંધી સીમલા પહોંચ્યા છે. અહીં તેઓએ કોંગ્રેસ કાર્યકર્તાઓ સાથે વાતચીત કરી હતી.

**અસમ સિવાય એનઆરસી નહી**

સરકારે સ્પષ્ટ કર્યુ છે કે હાલના તબક્કે એનઆરસીને અસમ સિવાય અન્ય રાજ્યમાં કાર્યોન્વિત નહી કરાય. લોકસભામાં પ્રસૂન બેનર્જીએ પૂછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગૃહ રાજ્યમંત્રી હંસરાજ આહીરે આ જાણકારી આપી છે.

**સોમાલિયા પર હુમલો**

અમેરિકાના સૈન્યએ આફ્રિકી દેશ સોમાલિયા પર હુમલો કર્યો હતો. આ હવાઈ હુમલામાં ૨૮ ઉગ્રવાદીઓના મોત થયા છે.

**સીબીઆઈ કેસમાં મનોજ પ્રસાદને જામીન**

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે દુબાઈના ઈન્વેસ્ટમેન્ટ બેન્કર મનોજ પ્રસાદના જામીન મંજૂર કર્યા છે. મનોજે સીબીઆઈ લાંચરૂશ્વત મામલામાં વચેટિયાની ભૂમિકા નિભાવી હોવાનો આરોપ મુકાયો છે.

# કારગિલમાં માઈનસ ૧૫.૮



## હિલ સ્ટેશન માઉન્ટ આબુ ખાતે પારો ગગડીને ૨.૪ થતાં અનેક જગ્યાઓએ બરફના થર જામ્યા :પહાડી વિસ્તારોમાં હિમવર્ષાની નોંધાયેલી સીધી અસર

નવી દિલ્હી,તા. ૧૮

ઉત્તરભારતમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. એકબાજુ હિમાચલ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડમાં હિમવર્ષાથી બરફની ચાદર જારી રહી છે. બીજી બાજુ મેદાની ભાગોમાં પણ રાત્રિ તાપમાનમાં કોઈ વધારે ફેરફાર થયો નથી. હિલસ્ટેશન માઉન્ટ આબુ ખાતે લોકોની હાલત કફોડી બનેલી છે. અહીં બરફના થર અનેક જગ્યાઓએ જામી ગયા છે. ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં થઈ રહેલી હિમવર્ષાની અસર દેશમાં જોવા મળી રહી છે. માઉન્ટ આબુમાં પણ બરફની ચાદર છવાઈ ગઈ છે. તાપમાન ઘટીને હવે ૨.૪ ડિગ્રી થયું છે. હજુ વધુ ઘટાડો થઈ શકે છે. રાજસ્થાનના શિરોહી જિલ્લા તરફથી માઉન્ટ આબુ તરફ જતા વિસ્તારોમાં જનજીવન ખોરવાઈ ગયું છે. ધુમ્મસની સ્થિતી વચ્ચે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ધુમ્મસની સ્થિતીના કારણે વિમાની અને ટ્રેન સેવાને અસર થઈ હતી. દિલ્હી વિમાનીમથકે વિઝિબિલિટી ઘટી જવાના કારણે એક સ્થાનિક ફલાઈટને અસર થઈ છે. ધુમ્મસની સ્થિતી હાલમાં અકબંધ રહે તેવી શક્યતા છે. સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. બીજી બાજુ ધુમ્મસના પરિણામસ્વરૂપે ૫૨ ટ્રેનો લેટ થઈ છે. અનેક ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. દિલ્હીમાં ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે સવારે ધુમ્મસની સ્થિતિ રહી હતી. ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં ધુમ્મસના કારણે વાહન વ્યવહારને પણ માઠી અસર થઈ છે.સમગ્ર ઉત્તર ભારતમાં છેલ્લા એક સપ્તાહથી પણ વધુના સમયથી ધુમ્મસની ચાદર છવાયેલી જોવા મળી છે જેને લઈને દિલ્હી,


● અનુસંધાન પાના - ૭ પર

# ગુજરાતમાં સિંહની માઠી વધુ ત્રણ સિંહના મોત

## સાવરકુંડલાના બોરાળા પાસે વધુ ત્રણ સિંહોના માલગાડી સાથે ટકરાતા મોત : સિંહોના મોતને પગલે વન વિભાગ અને રેલ્વે તંત્રની સામે પણ સવાલ ઉઠાવ્યા : ન્યાયિક તપાસની ઉગ્ર માંગણી થઇ

ગાંધીનગર,તા.૧૮

અમરેલી જિલ્લાના સાવરકુંડલામા બોરાળા ગામના ફાટક પાસે આજે વહેલી પરોઢ પહેલાં માલગાડીની હડફેટે ત્રણ સિંહના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવાની સાથે સાથે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. ત્રણ સિંહોના રેલ્વે અકસ્માતમાં મોત નીપજવાની ઘટનાના સમાચાર મળતાં જ વનવિભાગના અધિકારીઓ અને સ્થાનિક પોલીસના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી. થોડા સમય પહેલાં પણ અન્ય જંગલ પંથક નજીકના વિસ્તારમાંથી પસાર થતી રેલ્વે લાઈન પર ટ્રેનની હડફેટે સિંહ અને હાઈવે પરથી પસાર થતી વખતે વાહનોની હડફેટે દિપડાના મોતની ઘટનાઓએ ભારે ચકચાર જગાવી હતી, ત્યારે આજે વધુ ત્રણ સિંહોના માલગાડીની ટક્કરથી કપાઈને મૃત્યુ નીપજવાની ઘટનાએ વન્ય પ્રેમી જનતા ખાસ કરીને સિંહપ્રેમી લોકોમાં ભારે આઘાત અને શોકની લાગણી જન્માવી હતી. ગીર પંથક અને તેની આસપાસના વિસ્તારના પંથકોમાં છેલ્લા કેટલાક મહિનાઓથી એક પછી એક સિંહો, સિંહણ અને સિંહબાળના મોતની ઘટનાઓ છાશવારે સામે આવતી રહે છે, જેનો લઈ રાજયના વનવિભાગના અધિકારીઓ, સ્થાનિક પોલીસ તંત્રની સાથે સાથે સરકારી તંત્ર સામે પણ ગંભીર સવાલો ઉઠયા છે પરંતુ તેમછતાં હજુ સિંહોના મોતનો સિલસિલો અટકવાનું નામ નથી લેતો. કોઈક ને કોઈક કારણસર સિંહોના એક પછી એક મોત સામે આવી રહ્યા છે. સાવરકુંડલામા બોરાળા ગામના ફાટક પાસે આજે વહેલી પરોઢ પહેલાં માલગાડીની હડફેટે ત્રણ સિંહના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજયા હોવાનું આજે સામે આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ટ્રેનની હડફેટે આવી જવાથી સિંહના શરીરના કટકે કટકા થઈ ગયા હતા. સિંહના અંગો



વિચ્છેદ થઈ ગયા હતા અને વિખરાયેલા પડયા હતા. સમગ્ર બનાવની જાણ થતાં જ સ્થાનિક વન વિભાગનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહોને કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ સમગ્ર બનાવ અંગે જૂનાગઢ સીસીએફએ જણાવ્યું હતું કે, રાતના ૧૨.૪૫ વાગ્યાનો બનાવ છે. બોટાદથી માલગાડી પીપાવાવ જઈ રહી હતી ત્યારે બોરાળા ફાટક પાસે રેલવે ટ્રેક પર છ સિંહો ચાલી રહ્યા હતા. જેમાં ત્રણ હડફેટે આવી જતા ત્રણેયના મોત નીપજ્યા હતા. મોતને ભેટેલા ત્રણ સિંહોમાં બે દોઢથી બે વર્ષના બે સિંહ અને એક દોઢ વર્ષની સિંહણનો સમાવેશ થાય છે. ટ્રેનની સ્પીડ કેટલી હતી તે અંગે તપાસ ચાલુ છે. આમાં જે કોઈ પણ દોષિત સાબિત થશે તેની સામે કડક પગલા લેવામાં આવશે. બીજીબાજુ, વન્ય પ્રેમીઓ ખાસ કરીને સિંહપ્રેમીઓએ સિંહોના આ મોતને લઈ સ્થાનિક વનવિભાગ અને રેલ્વે તંત્ર સામે પણ સવાલ ઉઠાવ્યા છે. સિંહો તો

● અનુસંધાન પાના - ૭ પર

# ખેડૂતોનુ દેવુ માફ નહી થાય ત્યાં સુધી મોદીને ઉંઘવા નહી દઉં : રાહુલ ગાંધી

## મોદીજીએ જે કામ સાડા ચાર વર્ષમાં ન કર્યું તે અમે એમપી-છત્તીસગઢમાં છ કલાકમાં કરી બતાવ્યું

ન્યુ દિલ્હી,તા.૧૮

મધ્ય પ્રદેશ અને છત્તીસગઢની કોંગ્રેસ સરકારે પોતાનાં ચૂંટણી વાયદાઓ અનુસાર ખેડૂતોનાં દેવાંને માફ કરી દીધેલ છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પણ આનાં લીધે ખૂબ ઉત્સાહિત જોવા મળ્યાં. પત્રકારોનાં પૂછવા પર, 'શું ચૂંટણી વાયદાઓ પૂર્ણ થવાનાં શરૂ થઈ ગયાં, આનાં પર રાહુલ ગાંધીએ કહ્યું કે, જોયું આપે, શરૂ થઈ ગયું ને કામ.' તેઓએ વધુમાં એમ જણાવ્યું કે, ૬ કલાકમાં પોતાનો ચૂંટણી વાયદો પણ પૂર્ણ કરી દીધો છે. મધ્ય પ્રદેશ અને છત્તીસગઢની જેમ જ રાજસ્થાનમાં પણ જલ્દી જ ખેડૂતોનું દેવું માફ કરવામાં



આવશે. આ દરમ્યાન તેઓએ પીએમ મોદી પર પણ નિશાન સાધવામાં આવ્યું.

# ૯૯ ટકા ચીજો ૧૮ ટકાના સ્લેબમાં જ સામેલ કરાશે

નવીદિલ્હી,તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જીએસટીને લઈને કેટલીક વાત કરી હતી. જીએસટીને વધુ સરળ બનાવવાનો સંકેત આપ્યો હતો. મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર એવી ખાતરી આપવા માંગે છે કે, ૯૯ ટકા ચીજો જીએસટી સ્લેબના પેટા ૧૮ ટકાની કેટેગરીમાં આવરી લેવામાં આવશે. મોદીએ જીએસટીની સફળતાની વાત કરતા કહ્યું હતું કે, જીએસટીના અમલીકરણ પહેલા નોંધાયેલા ઉદ્યોગ સાહસિકોની સંખ્યા ૬૫ લાખ હતી જે હવે ૯૫ લાખ સુધી વધી ગઈ છે. રિપબ્લિક સમિટને સંબોધતા મોદીએ આ મુજબની વાત કરી હતી. આજે જીએસટી વ્યવસ્થા મોટાપાયે સ્થાપિત થઈ ચુકી છે અને એવી સ્થિતિ તરફ કામ કરી રહ્યા છે જ્યાં ૯૯ ટકા ચીજો ૧૮ ટકાના જીએસટી સ્લેબમાં રહેશે. મોદીએ ઉમેર્યું હતું કે, સામાન્ય વ્યક્તિ માટે ઉપયોગ કરવામાં આવતી તમામ ચીજો ૧૮ ટકા અથવા તો તેનાથી ઓછા સ્લેબ હેઠળ આવરી લેવામાં આવશે. ઉદ્યોગ સાહસિકો માટે અને અન્ય લોકો માટે આને વધુ સરળ બનાવવામાં આવશે. અગાઉના દિવસોમાં જીએસટીની રચના પ્રવર્તમાન વેટ અથવા તો એક્સાઈઝ ટેક્સ માળખા મુજબ કરવામાં આવી હતી. સમય સમયે બેઠક યોજાતી રહી છે અને તેને વધુને વધુ સરળ કરવાના પ્રયાસ થતાં રહ્યા છે. દેશમાં દેશકોથી જીએસટીને અમલી કરવાને લઈને માંગ હતી. કારોબારી માર્કેટમાં વિરોધાભાષની સ્થિતિ દૂર થઈ છે. અર્થતંત્ર પણ પારદર્શક બની ગયું છે.

દેશોમાં નાનકડા ટેક્સ સુધારાને અમલી કરવામાં પણ મુશ્કેલી પડે છે ત્યારે આ સૌથી મોટાપાયે સુધારો હાથ ધરાયો છે. ભ્રષ્ટાચારને દૂર કરવાની તેમની કટિબદ્ધતા પણ દોહરાવી હતી.

# 'પેથાઈ' વાવાઝોડું બંગાળ પર ત્રાટક્યું વહેલી સવારથી ભારે વરસાદ

કોલકાતા,તા.૧૮

ચક્રવાતી તોફાન 'પેથાઈ' આંધ્રપ્રદેશનો કિનારો પાર કરીને પૂર્વ ગોદાવરી જિલ્લાના કાકીનાડા નજીક પુડુચેરીના યનમ જિલ્લાને પણ વટાવી ગયું છે. આંધ્રમાં આવેલા વાવાઝોડા પેથાઈના પ્રભાવથી કોલકાતા સહિત સમગ્ર પશ્ચિમ બંગાળમાં ગંગા નદીના કિનારે આવેલા જિલ્લાઓમાં આજે વહેલી સવારથી જ ભારે વરસાદ પડી રહ્યો છે.

કોલકાતા સ્થિત આરએમસી (ક્ષેત્રીય હવામાન વિજ્ઞાન કેન્દ્ર)ના અધિકારીઓએ જણાવ્યું કે વિનાશક વાવાઝોડું પેથાઈ આમ તો સોમવારથી જ નબળું પડી ગયો છે અને હવે તેનો મોટો ખતરો રહ્યો નથી. આમ છતાં પણ આંધ્ર, બંગાળના અનેક વિસ્તારમાં હજુ પણ હાઈ એલર્ટ ચાલુ રાખવામાં આવ્યું છે.

આંધ્રપ્રદેશના કિનારે ટકરાયું ત્યારે પેથાઈ વાવાઝોડાની ગતિ ૮૦ કિલોમીટર પ્રતિ કલાક હતી. આગામી ત્રણ કલાકમાં જ તે કાકીનાડા કિનારા નજીક આવેલી પશ્ચિમી-મધ્ય બંગાળની ખાડીમાં પહોંચી ગયું હતું. પેથાઈ જેમ જેમ ઉત્તર-પૂર્વની દિશામાં આગળ વધતું જાય છે તેમ તેમ તેની તાકાત અને અસર ઓછા થતાં જાય છે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે.

ચક્રવાતી તોફાનના કારણે આંધ્રપ્રદેશમાં પાકને ભારે નુકસાન થયું હોવાના અહેવાલો મળી રહ્યા છે. ખાસ કરીને પૂર્વ અને પશ્ચિમ ગોદાવરી, કૃષ્ણા અને વિશાખાપટ્ટનમ્ જિલ્લામાં હજારો એકરમાં ઊભેલો પાક પાણીમાં ડૂબીને નષ્ટ થઈ ગયો છે.

આ ઉપરાંત મકાઈ, હળદર, કપાસ અને મરચાંના પાક પણ બરબાદ થઈ ગયા છે. વીજળીના અનેક થાંભલાઓ ઊખડી ગયા છે અને તેના કારણે ઘણા વિસ્તારોમાં હજુ પણ અંધારપટ છવાયેલો છે. આંધ્રના અનેક વિસ્તારમાં આજે પણ ભારેથી અતિભારે વરસાદ પડી રહ્યો છે.

# ચિદમ્બરમની ૧૧ જાન્યુઆરી સુધી અટકાયત થઈ શકશે નહીં

નવીદિલ્હી,તા. ૧

એરસેલ-મેક્સિસ કેસમાં પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમને રાહત મળવાનો સિલસિલો જારી છે. હવે ૧૧મી જાન્યુઆરી સુધી ચિદમ્બરમની ધરપકડ કરી શકાશે નહીં. સ્પેશિયલ જજ ઓપી સૈનીએ ચિદમ્બરમ અને તેમના કાર્તિને આપવામાં આવેલી રાહતને આજે લંબાવી હતી. સીબીઆઈ અને ઈડી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, નવી સામગ્રી જે રિકવર કરવામાં આવે છે તેમાં હજુ તપાસ બાકી છે. હવે આ કેસમાં આ બંનેની ૧૧મી જાન્યુઆરી સુધી ધરપકડ કરી શકાશે નહીં. બીજી બાજુ આ કેસમાં આરોપી લોકો સામે ખટલો ચલાવવા પરવાનગી મેળવવા સીબીઆઈને આ મહેતલ આપવામાં આવી હતી.

# આઈપીએલમાં વરૂણ-જયદેવ પર નાણાંનો વરસાદ

જયપુર,તા. ૧૮

ઈન્ડિયન પ્રિમિયર લીગની ૧૨મી સિઝન માટે આજે ખેલાડીઓની હરાજી કરવામાં આવી હતી. આર્કિટ્રેક્ચરમાંથી ક્રિકેટર બનેલા વરુણ ચક્રવર્તી ઉપર ૪૨ ગણી વધુ બોલી લાગી હતી અને તેને ૮.૪ કરોડ રૂપિયામાં ખરીદી લેવામાં આવતા આને લઈને આઈપીએલમાં ઉત્સુકતા રહેશે. આજે એક એવા ખેલાડી ઉપર પૈસાનો વરસાદ થયો હતો જેની કોઈને અપેક્ષા ન હતા. આ હેરાન કરી દેનાર નામ વરુણ ચક્રવર્તી છે. કિંગ્સ ઈલેવન પંજાબે તેને ૮.૪ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. આઈપીએલ-૨૦૧૯ માટે આજે જયપુરમાં ખેલાડીઓની હરાજી શરૂ થઈ હતી. અનેક ખેલાડીઓ ઉપર ખુબ ઉંચી બોલી લાગી હતી જેમાં શિવમ દુબેને આરસીબીએ પાંચ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો જયારે જયદેવ ઉનડકટને રાજસ્થાન રોયલ્સે ૮.૪ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો તેની બેઝ પ્રાઈઝ ૧.૫ કરોડ રૂપિયા હતી. આવી જ રીતે અક્ષર પટેલની એક કરોડની બેઝ પ્રાઈઝ હતી અને તેને ડેક્કન ચાર્જરે પાંચ કરોડમાં ખરીદી લીધો હતો. વેસ્ટઈન્ડિઝના કાર્લોલ બ્રેથવેઈટને પાંચ કરોડ રૂપિયામાં અને હેટમાયરને આરસીબીએ ૪.૨ કરોડમાં ખરીદી લીધો હતો. મોહમ્મદ સામી ૪.૮ કરોડમાં વેચાયો હતો. જો કે, આજે તમામને આશ્ચર્યચકિત કરનારમાં બે ખેલાડીઓ રહ્યા હતા જેમાં ઉનડકટ અને વરુણ ચક્રવર્તીનો સમાવેશ થાય છે. બપોરે ત્રણ વાગે હરાજીની પ્રક્રિયા શરૂ થઈ હતી. આ હરાજીમાં કુલ ૩૫૧ ખેલાડીઓને સામેલ કરાયા હતા જે પૈકી ૨૨૮ ભારતીયો હતા. આઈપીએલમાં સામેલ આઠ ફ્રેન્ચાઈઝીસ દ્વારા બોલી લગાવવામાં આવી હતી. વેસ્ટઈન્ડિઝના હેટ માયરની પણ ઉંચી બોલી લાગી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે તેને પચાસ લાખથી વધુ આઠ ગણી રકમ ઉપર ખરીદી લીધો હતો. હેટ માયર હજુ સુધી આઈપીએલમાં રમ્યો નથી. પ્રથમ વખત રમવા માટે મેદાનમાં ઉતરશે. ૨૧ વર્ષના હેટમાયરને આરસીબીએ ૪.૨ કરોડ રૂપિયામાં ખરીદી લીધો છે. પોતાની કેરિયરમાં હજુ સુધી ૧૯ મેચમાં હેટ માયરે ૪૯૮ રન કર્યા છે જેમાં એક સદી અને બે અડધી સદીનો સમાવેશ થાય છે.

**HOME TUTOR**

Required home tutor for B.Com (English Medium) (Open University)

Contact on
9131712203
7898162133

**Money ki Pathshala (Share Market Coaching Class)**

શેરબજારમાં ઈન્વેસ્ટિંગ અને ટ્રેડિંગ માટે કોચિંગ. ક્લાસ રૂમ ટ્રેનિંગ અને લાઈવ ટર્મિનલ પર પ્રેક્ટિસ

મયૂર મહેતા 9824093709
હિરેન બેંકર 7600630594

લાભ ઈન્વેસ્ટમેન્ટ, સિન્ડિકેટ બેંકની જોડે, ઘ-૪, સેક્ટર-૧૬

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



સ્ટોર સ્પોન્સરશિપ તથા જાહેરાત માટે સંપર્ક કરો

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

₹26*/500 mL

અમૂલ ગોલ્ડ




*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079-23969055/56/57